ખુબ જરૂરી

ક્રમાંક:જીપીએફ/ફાઈનલ કેસ/ ૪૬૦ - ૫૧૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર
તા. ૨૯/૧૨/૨૦૧૮

પ્રતિ
આચાર્યશ્રી/મંત્રીશ્રી
બીનસરકારી માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ (ગ્રાન્ટેડ)
બીનસરકારી ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ (ગ્રાન્ટેડ)
બીનસરકારી અધ્યાપન મંદિરો,બાલઅધ્યાપન મંદિરો તમામ (ગ્રાન્ટેડ)
ભાવનગર જિલ્લો,ભાવનગર

વિષય:ફાઈનલ કેસો બાબત
સંદર્ભ: (૧)જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી,સ્થાનિક ભંડોળ હિસાબ,ભાવનગરના ફાઈનલ કેસોના પ્રિ–ઓડીટ અન્વયેના વ ધંધા પત્રનંએલ/બીવીઆર/ટેક–૧ /પ્રિ.ઓ / ૩૦૩/૦૮/ ૩૭૧૭ તા.૫/૬/૦૮
(૨) જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમ ૩૧ (૫) અનવ્યે

ઉકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે શાળાઓ તરફથી અત્રે જી.પી.એફ ની આખરી ચુકવણી અંગેના ફાઈનલ કેસો મોકલવામા આવે છે.જેમા નીચેની સુચનાઓ ધ્યાને લેવી.

૧) વયનિવૃતિના કારણે નિવૃત થતા કર્મચારીને એમની નોકરીના છેલ્લા ત્રણ મહિના દરમ્યાન સામાન્ય ભવિષ્ય નિધિમા કોઈપણ જાતનો ફાળો ભરવામાથી મુકિત આપવામા આવશે.આવો ફાળો ભરવામાથી મુકિત વૈકલ્પિક નહી,પણ **<u>ફરજિયાત</u>** રહેશે.
૨) ફરજિયાત રીતે ફાળો બંધ કરવાની ઉકત જોગવાઈ હોવા છતા કેટલાક કિસ્સાઓમા સામાન્ય ભવિષ્યનિધિ ખાતામા નિવૃતિના માસ સુધી સ્વૈચ્છિક રીતે કપાત ચાલુ રાખવામા આવે છે.
૩) આ બાબતમા ફરજિયાત ફાળો બંધ કરવાપાત્ર થતા છેલ્લા ત્રણમાસ દરમ્યાન સ્વૈચ્છિક રીતે કપાત કરી જમા કરાવેલ કપાત પર વ્યાજ આપવામા આવશે નહિ જેથી વયનિવૃતિના છેલ્લા ત્રણમાસ દરમ્યાન પ્રોવિડંડ ફંડની કોઈ કપાત ન કરવામા આવે તેની કાળજી રાખવી.
૪) ઉકત પેરા ૧ થી ૩ ની વિગતો અંગે ખરેખર વયનિવૃતિની તારીખ પહેલાના નોકરીના છેલ્લા ત્રણમાસ ગણવાના છે.સત્રાંત્રના લાભની નિવૃતિ તારીખ દા.ત. ૩૧/૫/૧૬ કે ૩૧/૧૦/૧૬ હોય તો તેનાથી પહેલાના નોકરીના છેલ્લા ત્રણમાસ ગણવાના નથી.દા.ત.શ્રી ક તા.૩૧/૧૨/૧૫ના રોજ વયનિવૃત થાય છે.અને તા.૩૧/૫/૧૬ ના રોજ સત્રાંત્રનિવૃત થાય છે તો તેની જીપીએફ કપાત તેની વયનિવૃતિ ની તારીખ ૩૧/૧૨/૧૫થી અગાઉના ત્રણમાસ એટલે કે ઓકટો–૨૦૧૫ના પગારબીલથી તેની જીપીએફ કપાત ફરજિયાત બંધ કરવાની રહેશે.અન્યથા સ્વૈચ્છિક રીતે કપાત કરી જમા કરાવેલ કપાતો પર વ્યાજ આપવામા આવશે નહિ.આ અંગે ભવિષ્યમાં જે કોઈ પરિસ્થિતિ ઉદભવશે તેની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

Scanned by CamScanner